# ૧૧.૫ જીવનને ઉજાળનારા ઉપદેશ નં. ૧

જીવનને ઉજાળનારા- ઉપદેશો

એક વખત કરુણાસિંધુ પરમાત્મા મહાવીરદેવ કૌશાંબીનગરીના ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. કરોડો દેવતા અને લાખો મનુષ્યો પ્રભુજીની દેશના સાંભળવા આવ્યા. તેમાં માલવાનો રાજા ચંડપ્રદ્યોત તેમન તેના તાબામાં રહેલી શતાનિકરાજાની રાણી મૃગાવતી પણ ઉપદેશ સાંભળવા આવેલા. કૃપાસિંધુ ભગવંત દેશના આપી રહ્યા હતા. ત્યાં કોઈ ભિલ્લ આવ્યો ને પ્રભુને પૂછ્યું તે જ આ ? પ્રભુએ ઉત્તર આપ્યો તે તે જ છે ગૂઢ રહસ્યમય પ્રશ્નોત્તર સાંભળ સભા જ નહીં, શ્રી ગૌતમસ્વામી પણ વિસ્મય પામ્યા. તેમણે વિનયપૂર્વક પૂછ્યું - 'હે દયાળુ ! આ ભિલ્લે આપને શું પૂછ્યું ? અને આપશ્રીએ શો ઉત્તર આપ્યો ? પ્રભુ! અમને કાંઈ જ ન સમજાયું. સહુએ કહ્યું- 'કૃપા કરી સમજાવો.' ભગવંતે કહ્યું- 'ગૌતમ સાંભળો-

આ ભરતની ચંપાનગરીમાં અનંગ નામનો એક સોની રહે. તે ઘણો શ્રીમંત અને કામાસક્ત હતો. પરિણામે તે જે સૌંદર્યવતી કન્યા દેખતો તેને કોઈ પણ ભોગે પરણતો, આમ કરતાં તે પાંચસો સ્ત્રીઓ પરણ્યો. સહુને સરખા ને સારા વસ્ત્રાભૂષણો તેણે કરાવી આપ્યા હતા. પણ તેણે એવી વ્યવસ્થા કરી હતી કે જે સ્ત્રીનો વારો હોય તેણે તે રાત પૂરતા એ વસ્ત્ર અલંકારો પહેરવા, બીજીએ સામાન્ય વસ્ત્રાદિથી ચલાવવું. આ નિયમ પળાવવા તે કડકાઈથી કામ લેતો. માત્ર વારાના દિવસે તે સ્ત્રી સારા વસ્ત્રો ને ઘરેણાં પહેરી બનીઠનીને અનંગ સાથે ક્રીડા કરતી ને બીજા દિવસે બધું ઉતારીને મૂકી દેતી. અતિ સખ્તાઈનું પરિણામ એ આવ્યું કે આ સોની ક્યાંય બહાર કામે જતો કે તરત તેની સ્ત્રીઓ અંગ વિલેપન ને શ્રૃંગાર કરતી. પતિ આવતા પહેલાં પાછી પૂર્વવત સ્થિતિમાં આવી જતી. તેમ છતાં સોનીને ખબર પડતી તો તે ચીડાતો ને મારતો પણ ખરો. આમ દિવસે દિવસે ઈર્ષ્યા, બળતરા વધતી ગઈ, અને સાથે સાથે અવિશ્વાસ પણ વધતો ગયો. પત્નીને તો તે તેના બાપના ઘરે કે ક્યાંય પ્રસંગે જમવા પણ જવા દેતો નહીં. કોઈને ઘરે પણ બોલાવતો નહીં. એક થાંભલાવાળી હવેલી કરાવી તેમાં તે બધી પત્ની સાથે રહેતો. જેમ ભૂત પીપળાને ન છોડે તેમ તે આવાસને છોડતો નહીં. પોતે ક્યાંય જતો નહીં ને બીજાને બોલાવતો નહીં.

એકવાર તેના કોઈ મિત્રે તેને પરાણે ઘેર જમવા લઈ ગયો. જાણે શત્રુએ જેલમાં નાંખ્યો હોય તેવો તેને અનુભવ થવા લાગ્યો. અહીં સ્ત્રીઓ હર્ષિત થઈ ઘણા વખતે લાગ મળતા સ્નાન, વિલેપન, અંગરાગાદિમાં લીન  થઈ ગઈ. સજી ધજી બધી દર્પણમાં પોતાનું રૂપ નિહાળવા લાગી. ત્યાં તો પિશાચ જેવો તે સોની ખાધું ન ખાધું ને પાછો દોડી આવ્યો. સ્ત્રીઓને શણગાર સજી કિલ્લોલ કરતી જોઈ તે પગથી માથા સુધી બળી ગયો. એક સ્ત્રીને તેણે એવી મારી કે તે તરત મૃત્યુ પામી. આ જોઈ ડઘાઈ ગયેલી સ્ત્રીઓને ભય લાગ્યો કે 'આ દુષ્ટ આપણને માર્યા વિના નહીં મૂકે. આની જેમ આપણું પણ અકાળ મૃત્યુ થશે.'

એમ વિચારી એ ચારસો નવ્વાણું નારીઓએ પોતપોતાના દર્પણ ઉપાડી તેને માર્યા. પરિણામે તે સોની ત્યાં ને ત્યાં ઢગલો થઈ ગયો ને મૃત્યુ પામ્યો. રાજયભયાદિ ને પતિહત્યાના પશ્ચાતાપે તે સ્ત્રીઓ તે ઘર સળગાવી બળી મરી. તે ચારસો નવ્વાણુ સ્ત્રીઓ અકામનિર્જરા, પશ્ચાતાપ તથા સરળતાને લીધે ઘોર અરણ્યમાં વસતા ચોરના કુળમાં પુત્રો તરીકે ઉત્પન્ન થઈ. તે છોકરાઓ મોટા થઈ લોકોને લૂંટનારા મહાચોર થયા. સોનીના હાથે મૃત્યુ પામેલી સ્ત્રી એક ગામમાં દરિદ્ર બ્રાહ્મણને ત્યાં પુત્ર તરીકે અવતર્યા. સોનીનો જીવ પાંચ વર્ષ તિર્યંચગતિમાં ભટકી ને દરિદ્ર બ્રાહ્મણને ત્યાં પુત્રી તરીકે ઉપન્યો. પૂર્વ ભવના પતિ-પત્ની ભાઈ બહેન થયા. નાની બહેનને તેનાથી પાંચ વર્ષ મોટો ભાઈ રમાડતો. છોકરી ઘણું રડતી. તેનો ભાઈ છાની રાખવા તેના પેટ પર હાથ ફેરવી તેને પંપાળતો.

આમ કરતાં એકવાર તેનો હાથ છોકરીના ગુહ્યઅંગ પર ફરતા તે તરત છાની રહી ગઈ. પછી તો તેને છાની રાખવાનો આ ચોક્કસ ઉપાય થઈ ગયો. તે રડે કે છોકરો તેની યોનિ પંપાળે. તે રડતી અટકે તો ખરી, આનંદ પણ વ્યક્ત કરે. એકવાર આ કુચેષ્ટા જોઈને તેના મા-બાપે છોકરાને માર્યો. તેથી છોકરો નાસી જઈ પેલા ચારસો નવ્વાણું ચોરોમાં જઈ ભળ્યો. તેઓ પુરા પાંચસો થયા. તે બાલિકા બાલ્યકાળના જ કુસંસ્કારોને લીધે, નાની વયમાં જ મહાવિષયી બની. એકવાર તે પાસેના ગામડાંમાં કોઈ સગાને ત્યાં ગઈ હતી. ને ચોરોએ તે ગામ લૂંટતા ત્યાં આ નવયુવતીને જોઈ ઉપાડી. પાંચસો ચોરોની તે એક પત્ની થઈ. એકવાર ચોરોને વિચાર આવ્યો કે આ એકલીને પાંચસો જણ ભોગવશે તો તેની દુર્દશા થશે ને મરી પણ

જશે. માટે એકાદ બીજી સ્ત્રી ક્યાંકથી ઉપાડી આવીએ. જેથી આને રાહત અને સંગાથ બંને મળશે. એમ વિચારી ચોરો એક બીજી યુવતીને ક્યાંકથી ઉપાડી લાવ્યા.

થોડોક સમય ગયા પછી અતિકામી બ્રાહ્મણપુત્રીએ વિચાર્યું 'આ મારી શોક્ય અહીં ક્યાંથી આવી ? તેણે મારા, માન, મોભા અને વિષય વિલાસમાં ભાગ પડાવ્યો. આને મારા માર્ગમાંથી દૂર કરવી જોઈએ.' આમ વિચારી તે લાગ શોધવા લાગી. એકવાર બધા ચોરો બહાર ચોરી કરવા ગયા હતા. અવસર પામી તે દુષ્ટાએ તે ભોળી સ્ત્રીને ઊંડા કૂવામાં ધકેલી દીધી. ચોરોએ આવી નાની વહુ ન મળતા પૂછ્યું, મોટીએ 'ખબર નથી' એમ જણાવ્યું. ચોરોને લાગ્યું કે પેલી બિચારી સરસ અને ભોળી હતી, આણે તેને મારી નાંખી હશે.

પેલો બ્રાહ્મણ પુત્ર જે પાછળથી ચોરો સાથે જોડાયો હતો તેને વિચાર આવ્યો 'આ અતિકામુક મારી બહેન તો નહીં હોય ? કોઈ ત્રિકાળજ્ઞાની મળે તો પૂછી જોઉં' એમ કેટલાય સમયથી તે વિચારતો હતો. ત્યાં હે ગૌતમ! લોકોના મુખેથી તેમણે અમારું આગમન જ્ઞાનીપણું સાંભળી તે અહીં આવ્યો. પણ આવડી મોટી સભા જોઈ લજ્જાથી તેણે સાંકેતિક શબ્દોમાં પૂછ્યું. તેને અમે ઉત્તર પણ તેવી જ રીતે આપ્યો.' પ્રભુએ પર્ષદાને સંબોધતા કહ્યું- હે ભવ્યો ! આ સંસારમાં ઉન્મત્ત પાંચે ઈન્દ્રિયો વિટંબનારૂપ છે. તેને વશ પડેલા પ્રાણી નિરંતર કલેશ પામ્યા કરે છે. સંસારમાં જીવો તેથી રખડ્યા જ કરે છે.' ઈત્યાદિ પ્રભુના વાક્યો ત્યાં બેઠેલા ભિલ્લ જેવા લાગતા બ્રાહ્મણ ચોરે સાંભળ્યા, તેણે સંવેગ પામી ત્યાં જ પ્રભુ પાસે દીક્ષા લીધી. એકવાર ચોરની પલ્લીમાં જઈ તેમણે પૂર્વના સાથી ચોરોને ઉપદેશ આપી ૪૯૯ (ચારસો નવ્વાણું)ને દીક્ષા આપી.

મહાવીર પરમાત્માની વાણી સાંભળી, ત્યાં પર્ષદામાં બેઠેલ મૃગાવતી રાણીએ કહ્યું- 'ભગવંત ! આપ યથાર્થ ફરમાવો છો. જો મને ચંડપ્રદ્યોત રાજા રજા આપે તો હું દીક્ષા લઉં.' પછી મૃગાવતીએ ચંડપ્રદ્યોતને કહ્યું- 'રાજેન્દ્ર! મને અનુમતિ આપો તો હું પ્રભુ પાસે પ્રવજ્યા સ્વીકારું.' પ્રભુજીના અતિશયે વૈરરહિત થયેલા રાજાએ તાબામાં રાખેલી શત્રુપત્નીને તરત દીક્ષાની અનુમતિ આપી. મૃગાવતીએ પોતાના પુત્રને ચંડપ્રદ્યોતના ખોળામાં બેસાડી દીક્ષા લીધી. તે જ વખતે ત્યાં બેઠેલી અંગારવતી આદિ ચંડપ્રદ્યોત રાજાની આઠ રાણીઓએ પણ દીક્ષા લીધી. ચંડપ્રદ્યોતે મૃગાવતીના રાજકુમાર ઉદયનને તેના પિતાના રાજ્ય

(કૌશાંબી)માં અભિષિક્ત કર્યો. પોતે માલવામાં પાછો ફર્યો.

પેલો અનંગસેન સોનીનો જીવ અતિકામુકતા અને પરવશતાને લીધે સ્ત્રીના અવતારમાં ઘણા ભવો ભ્રમણકરશે.

'યા સા' એવા મર્ાિમક શબ્દથી સંદેહ પૂછવા આવેલા ચોરોને પરમાત્માએ પણ 'સા સા' એવો મર્ાિમક ઉત્તર આપ્યો. પ્રતિબોધ પામેલા તે ચોરે બીજા સર્વ ચોરોને બૂઝવ્યા. તે ચોરોએ પણ વ્રત લીધું. અર્થાત્ વાસના વધારો તો વધે ને સમજીને ઘટાડો તો સમૂળગી નાશ પણ પામે.